સે-૨૬ જીઆઈડીસીમાં તાળુ ખોલીને ઓફીસમાંથી રૂ. ૧.૩૯ લાખની ચોરી

સેલ્સ એજન્સીમાંથી રોકડ ૯૫ હજાર સહિત કોસ્મેટીક તથા ખાદ્યચીજોનો જથ્થો ઉપાડી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની સેકટર-૨૬ જીઆઈડીસીમાં સ્થિત બ્રહ્માણી સેલ્સ એજન્સીની ઓફિસનું તાળું ખોલીને બે દિવસની રજાઓ દરમિયાન કેટલાક શખ્સોએ રૂ.૯૫ હજાર રોકડા તથા સાબુ, તેલ, ટુથપેસ્ટ સહિતની કોસ્મેટીકસ તથા ખાદ્યચીજોનો જથ્થો મળીને રૂ. ૧.૩૯ લાખની કિંમતની માલમત્તા ચોરી લીધી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. આ ચોરીના કિસ્સામાં ઓફીસનું તાળું ખોલીને કળા થઈ હોવાથી ચોરો જાણભેદુ હોવાની શકયતા પ્રબળ બની છે. સે-૨૧ પોલીસે એજન્સીનાં માલિકની ફરિયાદને આધારે ચોરીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨૬ જીઆઈડીસી પ્લોટ નં. ૧૭૮માં આવેલી બ્રહ્માણી સેલ્સ એજન્સીમાંથી કોસ્મેટીકસ તથા ખાદ્ય ચીજ વસ્તુઓનું હોલસેલમાં સપ્લાય કરવામાં આવે છે. આ ઓફીસના માલિક દિપકભાઈ ભાઈલાલભાઈ શનિ અને રવિવારની રજામાં ઓફીસને તાળું લગાવીને બહારગામ ગયા હતાં. આજે સવારે તેઓ ઓફીસ પરત ફર્યા ત્યારે જોયું તો ઓફીસનું તાળું ગાયબ હતું અને ઓફીસથી થોડે દુર તાળું પડેલું હતું. બે દિવસના સમયગાળા દરમિયાન કોઈ શખ્સોએ તેમની ઓફીસનું તાળું ખોલીને અંદર પ્રવેશી ટેબલના ડ્રોઅરમાં મુકેલા ૮૦ હજાર તથા સોફા ઉપર કાળી બેગમાં મુકેલા રૂ. ૧૫ હજાર રોકડા તથા તેમની મારૂતી વાનમાં પડેલો હોલસેલનો માલસામાન મળીને કુલ રૂ. ૧.૩૯ લાખની કિંમતનો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતાં. ઓફીસ માલિક દિપકભાઈએ સે-૨૧ પોલીસને જાણ કરતાં સેક. પી.આઈ. વી.એચ. ડીંડોરે ચોરીનો ગુનો દાખલ કરીને સઘન તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં સુરક્ષાના હેતુસર પાટનગર યોજના ભવનના પાર્કીંગ શેડમાં એસ.આર.પી. જવાનોએ તંબુ ચોકી બાંધીને સરકારી સંકુલોની સુરક્ષા માટે ખડે પગે રહે છે... (તસવીર : દિપક જાની)

ઝૂંપડાના પ્રશ્ને સે. ૬ના રહીશો મુખ્યમંત્રીને ફરિયાદ કરશે

સેક્ટરમાં સહી ઝૂંબેશ હાથ ધરાઈ તંત્રની નાટકીય કામગીરી સામે આક્રોશ : ઈન્ક્વાયરી પર હલ્લાબોલ કરશે

ગાંધીનગર, તા. ૪

ઝૂંપડાવાસીઓના અડીંગાથી ત્રસ્ત સે. ૬ના રહીશો તંત્રની મંદ અને બિનઅસરકારક કામગીરીના અંતે હવે 'ઝૂંપડા હટાવ' લડત આક્રમક બનાવવાના મુડમાં છે. સેક્ટરના રહીશોએ આ મામલે સહી ઝૂંબેશ હાથ ધરી સ્થાનિક સુવિધા કેન્દ્ર ખાતે હલ્લાબોલ કરવાના કાર્યક્રમનું આયોજન કરાયું છે. જ્યારે ઝૂંપડા દૂર કરવા રચાયેલી સંઘર્ષ સમિતિ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ ઓનલાઈન ફરિયાદ કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

સે. ૬માં ઠેર-ઠેર તાણી બંધાયેલા ઝૂંપડાઓના લીધે સેક્ટરના સ્થાનિક રહીશો માટે દૂવિધારૂપ અને દયનીય સ્થિતિનું નિર્માણ થયું હોવાની વ્યાપક ફરિયાદો આક્રોશનું કારણ બની છે. સેક્ટરના અગ્રણીઓ દ્વારા ઝૂંપડા દૂર કરવા સંઘર્ષ સમિતિની રચના કરાયા બાદ મંત્રીથી લઈ તંત્રના ઉચ્ચ અધિકારીઓ સુધી રજૂઆત કર્યા બાદ પણ સેક્ટરને ઝૂંપડાવાસીઓની ગિરફતમાંથી ઉગારી શકાયું નથી. આ દરમિયાન તંત્ર દ્વારા પણ દબાણનો નાટકીય ઝૂંબેશ હાથ ધરાતા દિનપ્રતિદિન ઝૂંપડાઓની સંખ્યા વધી રહી હોવાનો આક્રોશ પણ સેવાઈ રહ્યો છે. તંત્રની રહેમનજરના લીધે છાશવારે હાથ ધરાતી ઝૂંબેશ પણ સૂરસૂરીયારૂપ હોવાનો સૂર સ્થાનિક રહીશોએ ઉઠાવ્યો છે. સેક્ટરમાંથી ઝૂંપડાઓ દૂર કરવા મેદાનમાં આવેલી સંઘર્ષ સમિતિ દ્વારા લડતને આક્રમક બનાવવાનો નિર્ણય કરાયો છે. સેક્ટરમાં સહી ઝૂંબેશ હાથ ધરી રહીશો દ્વારા સે. ૬ના સુવિધા કેન્દ્રમાં હલ્લાબોલ કરવામાં આવશે. જ્યારે અનેક રજૂઆતોના અંતે પણ કોઈ પરિણામ ન મળતા આ મામલે ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીને પણ રજૂઆત કરવામાં આવશે.

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહા વિદ્યાલયમાં રાષ્ટ્રીય ખેલ સપ્તાહ યોજાયો

સપ્તાહ દરમિયાન હોકી સ્પર્ધા અને વાદવિવાદ સ્પર્ધાનું અનોખું આયોજન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના સાદરા મુકામે આવેલી મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયમાં રાષ્ટ્રીય ખેલ દિવસ સપ્તાહ અને હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિન ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય ખેલ સપ્તાહ દરમિયાન હોકીની સ્પર્ધા તથા વાદવિવાદ પ્રતિયોગિતાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ખેલાડીઓએ સમગ્ર સ્પર્ધામાં રસપૂર્વક ભાગ લીધો હતો. હોકી સ્પર્ધામાં શવાજી ગૃહ વિજેતા થયું હતું.

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરામાં રાષ્ટ્રીય સેવા યોજના અને આંતરગૃહ સ્પર્ધા સમિતિ દ્વારા રાષ્ટ્રીય ખેલદિવસ સપ્તાહ અને હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉદઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જતીનભાઈ સોની અને અતિથિ વિશેષ તરીકે આંતરરાષ્ટ્રીય હોલી ખેલાડી આર.વિ. પ્રસાદે હાજરી આપી હતી. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ હાજરી આપી હતી. મહેમાનોનું સ્વાગત આ વર્ષના આંતરગૃહ અધ્યક્ષ નિમેશભાઈ ચૌધરી અને ડૉ. વિજયભાઈ મકવાણાએ વિદ્યાપીઠની પરંપરા મુજબ સુતરની આંટીથી કર્યું હતું. સ્વગત પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યો હતો. સ્પોર્ટસ યુનિ.ના કુલપતિએ પોતાના ઉદબોધનમાં ગુજરાતમાં શારીરિક શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે વિશ્વકક્ષાએ સગવડો અને નિષ્ણાતોના માર્ગદર્શનમાં વિશ્વકક્ષાના શ્રેષ્ઠ ખેલાડીઓ તૈયાર કરવાની ઈચ્છા બતાવી હતી. સાથે સાથે શારીરિક શિક્ષણ પણ દરેક સ્તર ઉપર વિદ્યાર્થીઓને ફરજીયાત આપામાં આવે તે માટેની તૈયારી બતાવી હતી. અતિથિવિશેષે પોતાના ઉદબોધનમાં કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી તેમ કહ્યું હતું. આ સપ્તાહમાં હોકીની સ્પર્ધા અને વાદવિવાદ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. હોકી સ્પર્ધામાં શિવાજી ગૃહ વિજેતા થયો હતો. વાદવિવાદ પ્રતિયોગિતામાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે ભાઈઓમાં નરહરી સાધુ, બજરંગદાસ ગોન્ડલીયા અને દર્શન રાઓલ જ્યારે બહેનોમાં દિપીકા ઈટાલીયા, બિન્દીયા ગોસ્વામી અને પ્રિયંકા પાટીલે પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન નીરજભાઈ સિલાવટે અને આભાર વિધિ ડૉ. જગદીશચન્દ્ર સાવલિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમોના સંચાલનમાં અધ્યાપક ડૉ. ઉદાજી પરમાર, ડૉ. જગદીશચન્દ્ર ગોઠી, ડૉ. દલસંગભાઈ ચૌધરી, ડૉ. વિજયભાઈ મકવાણા, નિમેશભાઈ ચૌધરી અને ડૉ. અરવિંદભાઈ રામીએ સરાહનીય યોગદાન આપ્યું હતું.

રાંધેજા-કોલવડા રોડ પર ખુલ્લેઆમ દારૂની મહેફીલ માણતા સાત ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીકના રાંધેજા વિદ્યાપીઠથી કોલવડા જવાના માર્ગ પર ઓ.એન.જી.સી.ના વેલ પાસે ખુલ્લેઆમ કેટલાક શખ્સો દારૂની મહેફીલ માણી રહ્યા હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે ગત રાત્રીએ દરોડો પાડી દેશી દારુ પીધેલી હાલતમાં સાત દારૂડીયાઓને નશામાં ચકચૂર સ્થિતિમાં ઝડપી પાડી સાતેય શખ્સોની ધરપકડ કરી લીધી છે. દેશી દારૂના ૩ લીટરના કેરબા સાથે તમામની ધરપકડ કરી તેમના વિરૂધ્ધમાં દેશી દારૂની મહેફીલનો કેસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ. એ.ડી.ગોહિલને બાતમી મળી હતી કે રાંધેજા વિદ્યાપીઠથી કોલવડા ગામ તરફ જવાના માર્ગ પર ઈંટોના ભઠ્ઠા પાસે ઓ.એન.જી.સી. વેલ નજીક ખુલ્લી જગ્યામાં દારૂની મહેફીલ જામી છે. જેને આધારે તેમની ટીમ સાથે તેઓ બાતમી વાળા સ્થળે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને ૩ લીટર દેશી દારૂના કેરબા સાથે દારૂના નશામાં મહેફીલ માણતા રંગે હાથ ઝડપી પાડયા હતા. રાંધેજા ગામમાં રહેતા અનિલ અર્જુનસિંહ દરબાર, નિલેશ રમણભાઈ રાવલ, દિનેશ મંગળભાઈ રાવળ, લાલાજી વેરાજી ટાંક, નરસિંહ પંચાલભાઈ બજાણીયા, જયદિપ ગાંડાભાઈ પટેલ અને નરેશ છનાભાઈ રાવળ મળીને સાત શખ્સોની પેથાપુર પોલીસે ધરપકડ કરી તમામ વિરૂધ્ધ મહેફીલના ગુના હેઠળ ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

સેક્ટર-૧૭ના સરકારી ક્વાટર્સના મરામતમાં કરવામાં આવતા ઠાગાઠૈયા

ગાંધીનગર, તા. ૪

રાજધાની વસાહત સેવા મંડળ ગાંધીનગરના પ્રમુખ આર.બી. ગોલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, છેલ્લા ઘણા સમયથી સેક્ટર-૧૭માં સરકારી મકાનના નિભાવ, મરામત કે તાકીદના રીપેરીંગ બાબતે તંત્રને રજૂઆતો કરવામાં આવી હોવા છતાં ફરિયાદનો કોઈ નિકાલ કરવામાંઆવ્યો નથી તથા આ બાબતે કર્મચારીઓ દ્વારા કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવતા નથી.

ગાંધીનગર ખાતે સચિવાલયનો ઉદ્‌ભવ થયો ત્યારથી સરકારી કર્મચારી, અધિકારીના રહેણાંક તથા ધારાસભ્યોના નિવાસસ્થાન સેક્ટર-૧૭માં તૈયાર કરવામાં આવ્યા છે. ત્યારથી તેમાં તંદુરસ્ત નિભાવ મકાન અને માર્ગ વિભાગ હસ્તકના ઈન્ક્વાયરી સ્ટાફ દ્વારા સંતોષકારક રીતે હાથ ધરાતો હતો પરંતુ છેલ્લા ઘણા સમયથી સેક્ટર-૧૭માં સરકારી મકાનના નિભાવ મરામત કે તાકીદના રીપેરીંગ બાબતે યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી. સેક્ટર-૧૭માં વસતા સરકારી સ્ટાફ દ્વારા સરકારી મકાન કે જેની દેખરેખ મરામત નિભાવ સરકારે જ કરવાનો થાય છે. રહેણાંક ધરાવતો સ્ટાફ પોતાની જાતે તે રીપેરીંગ કરાવી શકતો નથી અને તેવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા તાકીદના રીપેરીંગ કામ હાથ ન ધરાતા રહીશોની સુખ-સુવિધા અને આરોગ્ય ઉપર આડ અસર ઉભી ઈ રહી છે અને તે હકીકત જોતા ગાંધીનગર સ્થાનિક સેક્ટરોની હાલત ઝૂંપડપટ્ટી જેવી ઉભી થાય તો તેમાં નવાઈ નહી.

પાણીલાઈન, ગટરલાઈન, બારી-દરવાજાના તાકીદના રીપેરીંગ માટે સમયાંતરે અવારનવાર સુવિધા ખાતે રજુઆતો કરવામાં આવી છે. ફરિયાદોનો વાજબી નિકાલ થતો નથી. વારંવાર રજુઆત કરવા જતાં સુવિધાના હાજર સ્ટાફ જણાવે છે કે, 'ઉપરથી માલ સામાન-પુરવઠો કે મજૂર વર્ગ ઉપલબ્ધ કરવામાં આવતો નથી.'

તંત્ર આ બાબતે યોગ્ય નિર્ણય લે અને જરૂરી કામગીરી શરૂ કરાવે તેવું વસાહત સેવા મંડળ દ્વારા જણાવાયું છે.

ગાંધીનગરના 'ગ' રોડ પર ભારે વાહનોની બેરોકટોક અવરજવર

ભારે વાહનોનો પ્રતિબંધ છતાં અમર્યાદિત ગતિથી દોડતા વાહનો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના 'ગ' રોડ પર ભારે વાહનોનો કલેકટર દ્વારા પ્રતિબંધ કરવામાં આવ્યો હોવા છતાં બેરોકટોક ભારે વાહનોની આ રોડ પર અવરજવર વધી હોવાની ફરિયાદ સેકટર-૧૩ વસાહત મંડળ દ્વારા ઉઠવા પામી છે.

કલેકટર દ્વારા 'ગ' રોડ પર ભારે વાહનો નહીં ચલાવવા પર પ્રતિબંધ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. તેમ છતાં 'ગ' રોડ પર ટ્રક, લોડીંગ ટ્રક, ટર્બો ટ્રક, મોટી સંખ્યામાં અવરજવર કરે છે. વાહનચાલકો અમર્યાદિત ગતિમાં વાહન હંકારતા હોવાથી મોટા અકસ્માતો સર્જાય છે. આના વિરુધ્ધમાં કોઈ પણ કાર્યવાહી કરવામાં આવતી નથી. શાળામાં જતા નાના નાના બાળકો, વયોવૃદ્ધજનોને 'ગ' રોડ પર આવતા ભારે વાહનોથી ભય રહે છે. ચોમાસામાં ખાડા ખડિયા થવાથી અને પાણી ભરાવાથી પણ નાના-મોટા વાહન ચાલકો અકસ્માતનો ભોગ બને છે. સ્થાનિક રહીશો અને સેકટર-૧૩ના વસાહત મંડળના સભ્યોએ આ બાબતે તંત્રને સજાગ થવા જણાવ્યું છે. પોલીસ પેટ્રોલીંગ સતત થતું રહે અને જે તે સર્કલો ઉપર બમ્પ બનાવવામાં આવે તો અસ્માતોનો ભય ટળી શકે તેમ છે. વારંવારની રજૂઆતો પર તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવે અને કોઈ મોટો અકસ્માત ન સર્જાય તેના પગલાં લેવામાં આવે તેવું શહેર વસાહત મંડળ દ્વારા જણાવાયું છે.

આવતીકાલે આર્ટસ ઓફ સકસેસ ઉપર સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૪

ચાણક્ય આઈ.એ.એસ. એકેડમી દ્વારા આર્ટસ ઓફ સકસેસ વિષય ઉપર ગુજરાતના વિવિધ શહેરોમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ પી.ડી.પી.યુ., ગાંધીનગર ખાતે 'આર્ટસ ઓફ સકસેસ' વિષય પર એ.કે. મિશ્રાનો સેમિનાર યોજાશે. સેમિનારમાં કારકિર્દી તરીકે સિવિલ સર્વિસિસ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

સુમંત કે. મકવાણા વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટના પ્રમુખ પદે વરાયા

ગાંધીનગર, તા. ૪

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ ગાંધીનગર પ્રમુખ સુમંત કે. મકવાણા અને મેનેજિંગ ટ્રસ્ટી વિજય એ. સોલંકી સંયુકત યાદીમાં જણાવેલ છે કે, વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટના હોદ્દેદારો નિમાયા છે. સુમંત કે. મકવાણા પ્રમુખ વિજય કે. સોલંકી મેનેજીંગ ટ્રસ્ટી, હરેશભાઈ એમ ચાવડા જનરલ સેક્રેટરી, મહેશભાઈ એચ. મકવાણા ખજાનચી, ભગવાનભાઈ એસ. પરમાર, ઉપપ્રમુખ ઈશ્વરભાઈ આર.પરમાર, ઉપ પ્રમુખ નિલેશભાઈ પરમાર, ઉપપ્રમુખ અશોકભાઈ એચ. સોલંકી, અમૃતલાલા આર. રાણા, નારાયણભાઈ પરમાર, દિપકભાઈ જાદવ મંત્રીઓ, જેસંગભાઈ સોલંકી, આંતરીક ઓડીટર મોવજીભાઈ પરમાર, આમંત્રિત સભ્યોની વરણી થયેલ છે.

ગાંધીનગરમાં ૨૮મીએ અદાલત યોજાશે

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સીનીયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગર ડિવીઝન ગાંધીનગર ખાતે તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૩.૦૦ કલાકે ડાક અદાલત યોજવામાં આવેલ છે. ટપાલ સેવાઓની ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની આપની ફરિયાદો સિનિ. સુ.પ્રિ. ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગરને તા. ૨૦મી સપ્ટેમ્બર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

ગજાનન સેવા સમિતિએ શામળાજી વિસ્તારમાં ખાદ્યપદાર્થનું કરેલું વિતરણ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના વાંટડા ગામમાં છેલ્લા અગિયાર વર્ષથી વૃદ્ધ નિરાધારોને અનાજ સાથે ૧૬ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે જેના અંતર્ગત ખાંડ, તેલ, ચોખા, ચા, કઠોળ, મરચુ, હળદર, ગોળ, સ્ટીલની ડોલ વગેરે મળી ૧૭ જેટલી વસ્તુઓનું ૩૧ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

ભિલોડા તાલુકાની ખિલોડા, રાયપુર તથા મેરુ માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થીને ચોપડા તથા બોલપેન આપવામાં આવી હતી. છોશ્વરી પ્રાથમિક શાળાના તમામ બાળકોને પણ આ પ્રસંગે નાસ્તો કરાવવામાં આવ્યો હતો. કુપોષણ દૂર કરવાના હેતુથી ૧૬ કિ.ગ્રા. ખારા ચણા રોજ વહેંચવા માટે આપવામાં આવ્યા હતા. આંગણવાડી માટે નવુ સ્કૂટર પણ આપવામાં આવ્યું હતું. સેવાકાર્યમાં મધુરા ઘાટે, રુચા રાવળ, મિલિંદ ગુમે, રાઘુભાઈ તથા વિલેશ મોરેએ ભારે જહેમત ઉઠાવી કામગીરી સફળ બનાવીહતી.

મિલ્કત વેરા વસુલી પર મનાઈ હૂકમ આપવા પરિષદની માંગ

મહાનગરપાલિકાને જમીન અને મિલકત પર વેરો વસુલવાનો અધિકાર જ નથી !

ગાંધીનગર, તા. ૪

પાટનગરની જમીન અને મિલકત કાનૂની નિયમન હજુ સરકાર હસ્તક હોવાથી મિલકત વેરા સહિતના અન્ય કરવેરાની વસુલાત સંદર્ભે તાત્કાલિક મનાઈહૂકમ બહાર પાડવા વિકાસ પરિષદે રજૂઆત કરી છે. વર્ષ ૨૦૧૧-૧૨નો મિલકત વેરો રદ ગણી પાછો ખેંચવા સહિત વેરા વસુલીને સ્થગિત કરવા પરિષદે ઉચ્ચકક્ષાએ આવેદનપત્ર સુપ્રત કર્યુ છે.

ગાંધીનગર વિકાસ પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર મહાનગરપાલિકાને વેરો વસુલવાનો કાનૂની અધિકાર પહોંચતો નથી ત્યારે મિલકતવેરાના બિલની સાથે શિક્ષણ ઉપર કર, સફાઈ ચાર્જ પણ મનધડત બીલો મોકલી દેવાયા છે. જ્યારે બે વર્ષ અગાઉ મિલકતની મોજણીની કામગીરી તદ્દન બિન અનુભવી અને બિન અભ્યાસી રીતે હાથ ધરાઈ હોવાનું પણ સ્પષ્ટ થતુ છે. આ મામલે પણ પુનઃ અભ્યાસના આધારે મિલકતની મોજણી કરવા પણ રજૂઆતમાં જણાવાયું છે. વધુમાં મિલકતવેરા અન્વયે અપાયેલા બીલો ઈમારતના કારપેટ એરિયાના ધોરણે તૈયાર કરાયા છે. પરંતુ એરિયાની માપણીમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડઝ દ્વારા નક્કી થયેલા ધારણોની મનદેખી કરવામાં આવી છે. સમયમર્યાદાઅંતે બીલની ચુકવણી કરનારને ૧૦ ટકાના ધોરણે વળતર આપવાની વાત પણ વિખરાઈ છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ મિલ્કત વેરો રદ ગણી પાછો ખેંચવાના આદેશો કરવા પણ માંગણી કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૩

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧.૧૫, ૩.૩૦, ૬.૦૦, ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જૉકર : ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૯.૩૦
એક થા ટાઈગર : ૪.૩૦, ૭.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૧૫, ૩.૩૦, ૧૧.૦૦
કેવી રીતે જઈશ : ૧૨.૪૫, ૮.૧૫
એક થા ટાઈગર : ૫.૪૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૫.૩૦
: સ્ક્રીન-૩ :
જૉકર : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૭.૩૦,૯.૪૫
ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
જૉકર : ૯.૩૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦
શીરીન ફરાહદ કી તો નીકલ પડી : ૧૧.૪૫

સૂર્યા, વાવોલ

જૉકર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિધાતા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જૉકર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૧૫, ૫.૧૫, ૮.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૫૦, ૭.૧૫, ૧૦.૦૦
નિલકંઠ : ૧.૧૫ ● જૉકર : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
આઈ એમ ૨૪ : ૧૧.૧૫,૧૦.૧૫
એક થા ટાઈગર : ૨.૧૫
ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૧૫, ૮.૧૫

ચિરાગ, કલોલ

જૉકર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

● પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ફૂલની સાંજી અને શૃંગારમાં ચાંદીના પલના.

આપની આજ

મેષ : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

વૃષભ : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

કર્ક : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારુંવાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

- સ્વ. લીલાબેન મણાજી ઠાકોર (ઉ.વ.૪૦) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભાનુબેન બાબુજી ઠાકોર (ઉ.વ.૪૦) મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. વાલાજીભાઈ ઉકાભાઈ મકવાણા (ઉ.વ. ૬૫) બ્લોક નં. ૧૫૭૦/૨, સેકટર-૨/સી, ગાંધીનગર.